(૧) આ કામમાં પો.સ્ટે. ધ્વારા આરોપી વિરૂધ્ધ ધી પ્રોહી એકટ કલમ ૬૫(ઈ),૯૮(૨),૮૧ મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ થયેલ છે. આ કામે આરોપી અદાલતમાં હાજર થતાં તેમને પોલીસ તપાસના ચાર્જશીટની નકલો ક્રિ.પ્રો.કોડ ક.૨૦૭ અન્વયે વિનામૂલ્યે આપવામાં આવેલ છે.આરોપી તરફે સ્પેશીયલ સીટીંગ અન્વયે હાજર રહેલા છે અને તેઓએ સ્પેશીયલ સીટીંગ અન્વયે સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરવા માંગતા હોઈ તેઓ ધ્વારા ગુના કબુલાત પુરશીસ આંક–૨,થી રજુ કરેલ છે અને ત્યારબાદ આરોપીની ધી પ્રોહી કલમ ૬૫(ઈ),૯૮(૨),૮૧ ના ગુના માટે પ્લી/નિવેદન લેતાં તેમાં પણ આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૨) સજા બાબતે આરોપીને સાંભળતા આરોપીએ તેઓ મજુરી કામ કરી તેમના કુટુંબનું ગુજરાન ચલાવે છે અને તેઓનો પ્રથમવારનો ગુનો છે અને હવે પછી આવો ગુન્હો નહીં કરવાની ખાત્રી આપે છે. જેથી તેમને યોગ્ય ઓછામાં ઓછો દંડ કરવા જણાવે છે એ.પી.પી.શ્રીએ કાયદા મુજબ થઈ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.

(૩) આ કેસની તમામ હકીકત તથા સંજોગોને તથા આરોપી વિરૂધ્ધના ગુના અંગે થઈ શકતી સજાની જોગવાઈને ધ્યાનમાં લેતાં ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરૂ છું.

## હુ ક મ

આરોપીને ધી પ્રોહી કલમ ૬૫(ઈ),૯૮(૨),૮૧ મુજબના ગુના માટે ક્રિ.પ્રો.કોડની ક.૨૫૨ અન્વયે કસુરવાર ઠરાવી એકત્રીતપણે રૂ.૫૦૦/–× ૨ (અંકે રૂપિયા એક હજાર પુરા)નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ના ભરે તો ૧(એક) દિવસની સાદી કેદની સજા કરવામાં આવે છે.

મુદ્દામાલનો નાશ કરવો / મુદ્દામાલ વાહન જેને બોન્ડ પર આપેલ છે તેની પાસે રહે તેવો હુકમ કરવામાં આવે છે. મુદ્દામાલ વાહન આર.સી.બુક ઓનરની ખરાઈ કરીને પરત કરવો.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૧૨/૩/૨૦૨૨

( એચ. એસ. પટેલ )

એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૧૮,અમદાવાદ.
U.I.Code No.GJ0969